શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનનું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાયો પૃથ્વી પરે...

ISSN 2582-6409

ગુરુકુલ દર્શન

વર્ષ – ૧૨
અંક – ૦૯
સપ્ટેમ્બર – ૨૦૨૦

પુરુષોત્તમ માસના અધિષ્ઠાતા
ભગવાન પુરુષોત્તમ નારાયણના ચરણોમાં વંદના...

અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની ૯મી પુણ્યતિથિ નિમિત્તે હૃદય કુટીરે પૂજન-અર્ચન કરતા સંતો, SGVP

જળઝીલણી મહોત્સવ પ્રસંગે મછુંદ્રિ નદીના કિનારે ઠાકોરજીનો અભિષેક કરતા સદ્‌ગુરુ સંતો, દ્રોણેશ્વર ગુરુકુલ

પ્રકૃતિ પૂજન પ્રસંગે ઋષિતોયા મછુંદ્રિ નદીનું પૂજન કરતા સંતો, દ્રોણેશ્વર ગુરુકુલ

સ્વતંત્રતા પર્વ, SGVP

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૨, સપ્ટેમ્બર : ૨૦૨૦, અંક : ૦૯

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઠ્ઠલ
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૩૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

જાવા નૈં દેસાંજી નંદકુમાર...

જાવા નૈં દેસાંજી નંદકુમાર,
જાવા નૈ દેસાંજી નંદકુમાર;
માંને થારાં દરસનરો છે અતિ પ્યાર. જા૦ ટેક.

થારે વિના મેં કીણ વીધ જીવાં,
ચતુર પિયા હો મારા પ્રાણ આધાર. જા૦ ૧

હાલુ હાલુ કાંઈ કરો છો વારી,
શ્યામલિયાજી સરદાર;
રસિયા થાને રોકસાં ઠાલી,
કાંઈ કરાવો છોજી થેં મનુવાર. જા૦ ૨

સાથીડાને જીમાડસાંજી,
ઘૃત સાકર મેવા સાર;
ઘોડલાંને ઘી દેવાડસાંજી,
રૂડી રાતબ નીલી નીલી સુંદર ચાર. જા૦ ૩

જો મારો બરજ્યો નહિ કરો,
પિયા તો મારો ઓર વિચાર.
બ્રહ્માનંદરા નાથજી વારી,
આસાંમે થાકી સાયબા ઘુમર લાર. જા૦ ૪

મને મારીને તારું કામ પૂરું કર !

- સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભૂજ પધાર્યા, એ અરસામાં ભૂજના જગજીવન મહેતાએ બહુ મોટો હિંસામય યજ્ઞ માંડ્યો હતો. જગજીવન મહેતા રાજ્યનો આગેવાન કારભારી હતો અને માથાભારે માણસ હતો. આરબ સૈનિકોની બેરખ એની તેહનાતમાં રહેતી. શક્તિપંથીઓમાં તે અગ્રણી ગણાતો. એણે આ હિંસામય યજ્ઞનું વિશાળ પાયા ઉપર આયોજન કર્યું હતું. ભારતભરમાંથી પોતાના જેવા જ શક્તિપંથી બ્રાહ્મણોને એકઠા કર્યા હતા.

તત્કાલીન ભારતમાં શક્તિપંથી તો મજ વામાચારીઓનો જબરો પ્રભાવ હતો. ઠેકાણે ઠેકાણે દેવી-દેવતાઓને પ્રસન્ન કરવાના નિમિત્તે પશુ-પંખીઓનાં બલિદાન અપાતા. ધાર્મિક અંધશ્રદ્ધાને લીધે નરબલિ આપવાના પણ રિવાજો હતા.

રાગપ્રધાન ક્ષત્રિયો અને બ્રાહ્મણો પોતાના સારા-નરસા મનોરથોને પૂર્ણ કરવા માટે હિંસાપ્રધાન યજ્ઞો કરતા અને કરાવતા. નવરાત્રિના દિવસોમાં માતાજી પાસે હજારો નિર્દોષ ઘેટાં-બકરાંઓનાં બલિદાન અપાતાં. ધર્મના નામે માંસભક્ષણ અને સુરાપાન છૂટથી થતાં. જગજીવન મહેતાએ આવો જ એક હિંસામય યજ્ઞ માંડ્યો હતો.

એણે ભગવાન શ્રી સ્વામિનારાયણને મહાપુરુષ જાણીને યજ્ઞમાં નિમંત્ર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ યજ્ઞમાં પધાર્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને કોઈ જાતની હિંસા પસંદ ન હતી. એમણે પોતાના આશ્રિતોને આદેશ આપ્યો હતો કે, 'સ્ત્રી, ધન અને રાજ્યની પ્રાપ્તિ માટે ક્યારેય મનુષ્યની હિંસા કરવી નહિ.'

'યજ્ઞયાગાદિકનો નામે પણ ક્યારેય જીવ-પ્રાણીમાત્રની હિંસા ન કરવી. દેવી-દેવતાઓને દારૂ તથા પશુ-પંખીઓનાં બલિદાન દેવાં નહિ. જે દેવી-દેવતાઓ સમક્ષ દારૂ-માંસના નૈવેદ્ય થતા હોય, એવા દેવતાઓનો પ્રસાદ પણ ન લેવો.'

તથાગત બુદ્ધ તથા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવનમાં હિંસામય યજ્ઞ પ્રત્યે લગભગ એકસરખો અભિગમ જોવા મળે છે.

પ્રસિદ્ધ ઇતિહાસ પ્રમાણે એકવાર મગધના મહારાજ બિંબિસાર યજ્ઞ કરી રહ્યા હતા. યજ્ઞમાં હોમવા માટે એણે સેંકડો ઘેટાં-બકરાં 'યજ્ઞપશુ' તરીકે એકઠાં કર્યાં હતાં. તથાગત બુદ્ધ જ્યારે યજ્ઞમાં પધાર્યા, ત્યારે આ પશુઓનાં ચિત્કાર સાંભળી, એમનું હૃદય કરુણાથી દ્રવી ઊઠ્યું હતું. એમણે મહારાજ બિંબિસારને સમજાવી આવી હિંસામય યજ્ઞ-પરંપરાઓ બંધ કરાવી હતી.

યોગાનુયોગ ભૂજ પધારેલા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવનમાં પણ લગભગ આવી જ ઘટના આકાર લઈ રહી હતી.

જગજીવન મહેતાએ યજ્ઞમાં હોમવા માટે અનેક ઘેટાં-બકરાં એકઠાં કર્યાં હતાં. આ યજ્ઞપશુઓનો ચિત્કાર કરુણાના સાગર ભગવાન શ્રી સ્વામિનારાયણથી સહન ન થયો.

એમણે વેદોની શ્રુતિઓના અનેક પ્રમાણ સાથે જગજીવન મહેતાને સમજાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ મદોન્મત્ત જગજીવન મહેતાએ ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત માની નહિ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મજ્ઞ પુરુષોના

વચનોને યાદ કર્યા, "જ્યાં અધર્મ થતો હોય ત્યાં ડાહ્યા માણસોએ જવું નહિ; સંજોગવશાત્ જઈ ચઢ્યા હોય, તો અધર્મને રોકવા પ્રયાસ કરવો; જો અધર્મને રોકે નહીં, મો'બતથી મૌન બેસી રહે અથવા ખુશામતથી હા એ હા કરે, તો એનું પાપ એને પણ લાગે છે. જો એવું જણાય કે અહીં કોઈ માને એમ નથી, તો ત્યાંથી ચાલી નીકળવું પણ બેસી ન રહેવું."

આમ વિચારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પાપમય યજ્ઞભૂમિનો ત્યાગ કર્યો અને જતાં જતાં જગજીવન મહેતાને કહ્યું કે, "મહેતા! દેવતાઓને હિંસા પ્રિય નથી. દેવતાઓને નામે તમે નિર્દોષ પશુઓને મારીને જે પાપ કરી રહ્યા છો, તે તમારે અવશ્ય ભોગવવું પડશે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે દૃઢ નિર્ધાર કર્યો કે, 'વૈદિક ધર્મમાં પેઠેલી આ વિકૃતિઓને દૂર કરવી અને શુદ્ધ વૈદિક અહિંસામય યજ્ઞોનું પ્રવર્તન કરવું.'

સમય જતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આ નિર્ધારની પૂર્તિની શરૂઆત જેતલપુરના યજ્ઞથી કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જગજીવન મહેતાના હિંસામય યજ્ઞનો વિરોધ કર્યો એટલે મહેતાને અજાતશત્રુ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષ બંધાયો હતો. પરિણામે તે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઘોર નિંદા કરતો હતો. એટલું જ નહિ, ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા એમના અનુયાયીઓને હેરાન-પરેશાન કરવા માટે કંઈકને કંઈક કાવાદાવા કરતો રહેતો હતો.

એક સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણની લાજ લેવા માટે એણે ગણિકા મોકલી, પણ એમાં એ ફાવ્યો ન હતો. આશ્ચર્ય તો એ થયું કે મહારાજના પ્રતાપે એ ગણિકાનું હૃદય પરિવર્તન થયું હતું, એણે પાપનો ધંધો છોડી પુણ્યનો માર્ગ અપનાવી લીધો હતો અને એ ગણિકાએ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુયાયિની બની આખી જિંદગી ભક્તિમાં ગુજારી હતી. જગજીવનની બાજી ખુલ્લી પડી ગઈ હતી.

જગજીવન મહેતાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પકડીને કેદ કરવા માટે અનેક પ્રયાસ કર્યા હતા, પણ ભૂજના કુશળ કારભારી સુંદરજી સુથાર, એક હોય તોય દશ જણાને ભારે પડે એવા ગંગારામ મલ્લ જેવા બળવાન મલ્લ-ભક્તો મહારાજને ફરતા ઢાલ થઈને ઊભા હતા, એટલે મહેતો કોઈ વાતે ફાવતો ન હતો.

એક વખત રાત્રિના સમયે જગજીવન મહેતાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને મારવા માટે બે મારા(હત્યારાઓ) મોકલ્યા.

મધ્યરાત્રિનો સમય હતો, જળ જંપી ગયું હતું, સમગ્ર ભૂજ શહેર અંધારપછેડો ઓઢીને પોઢ્યું હતું, મશાલોના તેજ ઝાંખા થઈ ગયા હતા, તમરાંના તીણાં સ્વર અંધકારની છાતીને ચીરી રહ્યા હતા.

અનંતકોટિ ભુવનના સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણ હજુ પોઢ્યા ન હતા. એકાંત ઓરડામાં બિછાવેલા ઢોલિયા ઉપર બેસીને સ્વસ્વરૂપનું ધ્યાન કરી રહ્યા હતા.

શ્રીજી મહારાજના પાર્ષદો ઓરડાની પરસાળમાં આરામ ફરમાવી રહ્યા હતા.

જગજીવને મોકલેલા બન્ને મારાઓ પાછળથી વંડી ઠેકીને જ્યાં મહારાજ વિશ્રામ કરી રહ્યા હતા, એ ઓરડા ઉપર ચોરપગલે ચડ્યા, અવાજ ન થાય એ રીતે ઓરડા ઉપરના નળિયાં એકબાજુ કર્યા. નળિયાં નીચેની લાકડાંની વળી સાથે મજબૂત દોરડું બાંધ્યું, મોઢામાં ખુલ્લી તલવારો લઈ દોરડાના સહારે બેય જણા નીચે ઊતર્યા.

થોડો અવાજ થયો એટલે મહારાજે નેત્રો ખોલ્યા, દીવાના આછાં અજવાળે મહારાજે હાથમાં ખુલ્લી તલવારોવાળા મારાઓને જોયા. મહારાજ એમનો ઈરાદો પામી ગયા.

હજારો લોકો જેને ભગવાન કહેતા હતા, એ અદ્‌ભુત મૂર્તિ મારાઓની સામે બિરાજમાન હતી. મહારાજનાં મુખારવિંદ ઉપર શાંત તેજોવલય રમી રહ્યા હતા. મહારાજના પ્રભાવશાળી નેત્રોમાંથી અમૃતરસ વરસી રહ્યો હતો.

મહારાજની સામે જોતાં જ મારાઓના મનમાં સાત્ત્વિક ભાવ ઉદય થવા લાગ્યા. મહારાજે પોતાની પ્રેમભરી દૃષ્ટિ મારાઓ તરફ માંડી, પછી જુગ જૂનો પરિચય હોય એમ મહારાજે બેયના નામ લીધાં અને પૂછ્યું, "ભાઈઓ! અત્યારે મધરાતે કેમ આવવાનું થયું?"

મારાઓ આભા બની ગયા. એમના મનમાં થયું, 'સ્વામિનારાયણને આપણે ક્યારેય મળ્યા નથી, છતાં એમને આપણાં નામની કેમ ખબર પડી! નક્કી આ કોઈ પ્રતાપી પુરુષ લાગે છે!'

બેય મારાઓ અવાચક બની ગયા. બોલવા ગયા પણ કોણ જાણે શું થયું, બોલી જ ન શક્યા! તેઓ દિગ્મૂઢ બનીને એકીટશે મહારાજની શાંત મૂર્તિ સામે જોઈ રહ્યા.

મહારાજે મંદમંદ હસીને કહ્યું, "અરે શૂરવીરો! શું જોઈ રહ્યા છો? જલ્દીથી તમારી તલવાર દ્વારા અમારું માથું કાપી નાંખો અને તમારું કામ પૂરું કરો."

યમદૂત જેવા મારાઓ સામે ઊભા હતા, પરંતુ

મહારાજનાં મુખારવિંદ ઉપર ભયની આછી રેખા વર્તાતી નહોતી.

આ મારાઓએ મોતના ડરથી થરથર કાંપતા, હાથ જોડી જીવનદાન માટે કરગરતા ઘણા જોયા હતા, પરંતુ મોત સામે ઊભું હોય અને આંખમાં મરવાનો ડર ન હોય એવા મહાપુરુષનું દર્શન તેઓ પહેલીવાર કરી રહ્યા હતા.

મહારાજનાં દર્શન અને મહારાજનો મધુર સ્વર મારાઓનાં અંતરમાં જાદુઈ અસર કરી રહ્યા હતા. મારાઓનાં મન વિચારે ચડ્યા, 'આ સ્વામિનારાયણે આપણું શું બગાડ્યું છે ? આવા મહાપુરુષને આપણાથી કેમ મરાય ? જગો મહેતો તો મૂરખ છે કે, આવા ઓલિયા પુરુષને મારવા માટે અમને મોકલ્યા. આપણે ઘણાં પાપ કર્યાં છે, હવે આવા મહાપુરુષને મારીને વધારે પાપ નથી કરવું.'

આમ વિચારી બેય જણા બોલ્યા, "મહારાજ ! અમને માફ કરો, અમને તો આ કાળું કામ કરવા કો'કે મોકલ્યા છે." મહારાજ હસીને બોલ્યા, "અમે જાણીએ છીએ, તમને જગા મહેતાએ મોકલ્યા છે ને ?"

મારાઓએ નિખાલસ ભાવે એકરાર કરતા કહ્યું, "હા, સ્વામિનારાયણ ! એણે અમને આખી જિંદગી ખાઈએ તો પણ ખૂટે નહીં એટલું ધન આપવાનો વાયદો કર્યો છે."

મહારાજે એ જ મંદ મુસ્કાન સાથે કહ્યું, "ભાઈઓ ! અમને મારવાથી તમને ધન મળતું હોય, તમારો પરિવાર સુખી થતો હોય, તો એનું પુણ્ય અમને પણ મળશે. અત્યારે ભારે લાગ છે; રાત્રિનો સમય છે, ઓરડામાં હું એકલો જ છું, જલ્દી તમારું કામ પતાવી દ્યો." આટલું કહી મહારાજે બન્ને મારાઓ ઉપર પ્રેમભરી નજર કરી, એ નજરમાં કોઈ ગજબનો જાદુ ભર્યો હતો અને એ જાદુએ મારાઓને વશ કરી લીધા હતા.

મારાઓ જાણે ચિત્રમાં ચિત્રાયેલા હોય એમ સ્થિર બની ગયા. એવામાં મહારાજ બોલ્યા, "ભાઈઓ ! જલ્દીથી તમારું કામ પૂરું કરો. બહાર પરસાળમાં અમારા પાર્ષદો સૂતા છે, જો એ જાગી જશે તો તમારા રાઈ રાઈ જેવડા કટકા કરી નાખશે !"

"મારી પાછળ તો રોનારું કોઈ નથી, પરંતુ તમારા બૈરાં-છોકરાં રઝળી પડશે, માટે જલ્દી તમારું કામ પતાવી જે માર્ગે આવ્યા છો એ જ માર્ગે પાછા ચાલ્યા જાવ."

મહારાજનાં કરુણાસભર વચનો સાંભળતાં જ મારાઓના હાથમાં રહેલી તલવારો નીચે સરી પડી. બેય જણા મહારાજના પગમાં પડ્યા અને બોલ્યા, "મહારાજ ! અમને માફ કરો. ધનની લાલચે અમે ઘણાં પાપ કર્યાં છે, ઘણી હત્યાઓ કરી છે. આજે અમારાથી ઘણું મોટું પાપ થઈ જાત."

મહારાજે બેય મારાઓના માથા ઉપર પોતાનો વાત્સલ્યભર્યો હાથ મેલ્યો. મહારાજના દિવ્ય હસ્ત સ્પર્શથી બેય હત્યારાઓના શરીરમાં કોઈ અલૌકિક ઝણઝણાટી છૂટી, આંખમાંથી આંસુઓની ધારાઓ વહેવા લાગી અને એ અશ્રુધારાએ એમના હૃદયમાંથી રહીસહી દુર્ભાવનાને પણ ધોઈ નાખી.

બન્ને જણા આર્ત સ્વરે બોલ્યા, "હે પ્રભો ! તમે તો ભગવાન છો, અમારા ગુના માફ કરો." શરણાગતવત્સલ ભગવાન શ્રીહરિ બોલ્યા, "જાઓ, આજ સુધીના તમારા બધા ગુન્હા માફ. હવેથી આવા પાપના ધંધા ન કરશો."

મહારાજના ઓરડામાંથી સંચળ સંભળાયો એટલે ગંગારામ મલ્લ તથા પાર્ષદો એકદમ જાગી ગયા અને મહારાજના ઓરડા તરફ ધસ્યા.

દૂરથી ઓરડામાં મહારાજની પાસે અજાણ્યા માણસોને જોયા, પડખે પડેલી ઉઘાડી તલવારોને જોઈ મામલો પામી ગયા. સિંહ જેવા શૂરવીર ભક્ત ગંગારામ મલ્લે બેયને પકડવા માટે ઝપટ મારી.

મારાઓ ભયભીત થઈ ગયા. હવે એમની નજર સામે મોત તાંડવ કરવા લાગ્યું.

મહારાજે એકદમ હાથનો ઈશારો કરી ગંગારામ મલ્લને રોકી લીધા અને બધાને ચૂપ રહેવાની આજ્ઞા કરી.

કરુણામૂર્તિ મહારાજ પાર્ષદો પ્રત્યે બોલ્યા, "આ બેય તો અમારે શરણે આવ્યા છે, બિચારા કોઈની ચિઠ્ઠીના ચાકર છે, એના ઉપર હાથ ન ઉપાડાય ! એમને શાંતિથી સલામત રીતે દરવાજા સુધી વળાવી આવો."

આ સમયે ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્હેજ ઈશારો કર્યો હોત તો એ જ ક્ષણે આ બેય મારાઓના રાઈ રાઈ જેવા ટૂકડા થઈ ગયા હોત, પરંતુ મહારાજે એમ ન કર્યું.

ભગવાન શ્રીસ્વામિનારાયણની આ અભૂતપૂર્વ ક્ષમાએ બેય હત્યારાઓના દિલ જીતી લીધાં. બન્ને જણા સીધા જગજીવન મહેતા પાસે ગયા અને આકરે સ્વરે કહ્યું, "મહેતા ! આજથી તારી નોકરી હરામ, તેં અમને ભગવાન હાર્યે બાથ ભીડવા મોકલ્યા ?"

બન્ને મારાઓએ જગજીવન મહેતાની નોકરી છોડી દીધી અને જીવનભર ભગવાન શ્રીસ્વામિનારાયણના આશ્રિત થઈને રહ્યા.

'મારવા આવનારને પણ તારી દેવો' એ તો મહારાજનો જુગ જૂનો સ્વભાવ રહ્યો છે.

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનો મધુરભાવ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદા ખાચરના દરબારગઢમાં વિરાજમાન છે. ચારે તરફ અભ્યાસ કરી રહેલા નાના નાના સંતો વીંટળાઈને બેઠા છે અને મહારાજ પ્રેરણાત્મક વાતો કરી રહ્યા છે. આ સમયે એક રંગે ઉજ્જ્વળ, શરીરે દેખાવડા નવા સંત ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિને એકીટશે નીરખી અંતરમાં ઊતારી રહ્યા છે.

એક પછી એક સંતને અભ્યાસ વિશે પૂછતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે શરમાળ અને શાંત પ્રકૃતિના એક સાધુને પૂછ્યું, "સાધુરામ! તમે શું ભણો છો?"

નિજબોધાનંદ નામના એ નાના સાધુ ચોંકી ગયા. નીચી દૃષ્ટિ રાખી બોલ્યા, "મહારાજ ! સંસ્કૃતમાં સારસ્વતનો અભ્યાસ ચાલે છે."

"તો સાધુરામ ! અભ્યાસની સાથે સાથે કીર્તનોની રચના કરોને!"

"પણ મહારાજ ! મને કીર્તનો બનાવતાં ન આવડે. એ મારું ગજું નહીં. એ તો મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મહાન કવિઓનું કામ. એમના જેવાં કીર્તનો બનાવતાં મને ન આવડે." એમ સંકોચાતા અવાજે નિજબોધાનંદ સ્વામી બોલ્યા.

સ્વામીની વાત સાંભળી મંદ મંદ હસતા શ્રીહરિ કહે, "સાધુરામ ! તમે અમારી મૂર્તિને અંતરમાં ધારી કીર્તનો રચવા માંડો, રચનાઓ આપોઆપ અંતરમાંથી સ્ફૂરવા માંડશે."

નિજબોધાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા ઝીલી લીધી. કલમ હાથમાં લીધી, શ્રીહરિની મૂર્તિનું નખશિખ સ્મરણ કર્યું. રોમાવલિઓમાં રોમાંચ વ્યાપી ગયો, કાગળ ઉપર કલમ સરકવા માંડી. પ્રથમ કીર્તન રચાયું : 'ફૂલન હીંડોળે ઝૂલત લાલ...' પ્રથમ ભક્તિપદ પૂરું થયું અને તરત જ બીજું પદ રચવાનું શરું થયું. એમ કરતાં ચાર પદ રચાઈ ગયાં. આ નવા કવિએ ઉત્સાહભેર સભામાં કીર્તનોનું ગાન કર્યું, સાથેના સંતોએ વાદ્યોની સંગત આપી. કીર્તનગાન પૂરું થયું ત્યારે શ્રીહરિનો ખૂબ રાજીપો મળ્યો. બસ, આજથી ગુજરાતી ભાષાના એક મહાન ઝળહળતા સૂર્યસમાન કવિનો જન્મ થયો.

કવિએ આ પદોમાં અંતે પોતાનું 'નિજબોધાનંદ' નામ મૂક્યું, પરંતુ પદમાં આ નામ મોટું લાગ્યું અને પ્રાસ-લયમાં ભંગ થતો જણાયો. તેથી શ્રીહરિએ 'આ નામ પદના અંતે ઉચિત નથી લાગતું' એમ કહી નિજબોધાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને નવું નામ આપતા કહ્યું, 'આજથી તમારું નામ પ્રેમાનંદ સ્વામી. તમારે હવેથી પ્રેમાનંદનાં નામે કીર્તનો રચવાં.' થોડો સમય વીત્યો. એક સમયે પ્રસિદ્ધ કૃષ્ણભક્ત 'ચંદ્રસખી'નું હિંદી ભાષાનું કીર્તન સાંભળી શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામીનું 'પ્રેમસખી' નામ પાડીને કહ્યું, 'આજથી તમારાં બે નામ. પ્રેમાનંદ અને પ્રેમસખી. બેઉ નામે કીર્તનો કરજો.'

પછી તો જાણે પ્રેમસખીની કલમે કીર્તનોની હેલી વરસી. એક પછી એક પ્રેમભક્તિના અનેક પદોની રચના થવા લાગી. આજે ભારતવર્ષના ભક્તિકાવ્યોના વારસામાં એમનું નામ એક મહાન કવિ તરીકે ગૌરવભેર લઈ શકાય છે.

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી સ્વામિનારાયણીય પરંપરાના ઉત્કૃષ્ટ કવિ હતા. એમણે વિપુલ માત્રામાં કાવ્યરચનાઓ કરી છે, જેમાંની મોટાભાગની ભક્તિથી ભરપૂર અને ભાવોર્મિઓથી છલકાતી રચનાઓ છે. એમની ભક્તિની ઊંચાઈ એટલી બધી હતી કે તેઓ ભક્તિપદોનું ગાયન કરતાં કરતાં ભાવવિભોર થઈ જતા અને દેહનું વિસ્મરણ થઈ જતું. પ્રેમાનંદ સ્વામીની રચનાઓનો ઊંડો અભ્યાસ કરતાં તારણ નીકળે છે કે નરસિંહ મહેતા, મીરાંબાઈ તથા દયારામની રચનાઓથી

એમની રચનાઓ સહેજ પણ નીચે ઊતરતી નથી.

પ્રેમાનંદ સ્વામી પુરુષ હોવા છતાં તેમના હૃદયમાં વહેતા ઉત્કૃષ્ટ ગોપીભાવને લીધે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને 'પ્રેમસખી' ઉપનામ આપ્યું હતું. 'સજની શ્રીજી મુજને સાંભર્યાં રે...' જેવાં પદોમાં એમનો ગોપીભાવ સહેજે સહેજે પ્રગટે છે. પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનાં જીવન તથા એમનાં સાહિત્યનું અવલોકન કરતાં જણાય છે કે, સ્વામીને ગોપીભાવની, મધુરભાવની, પ્રિયતમ-પ્રિયતમા ભાવની ભક્તિ વધારે અનુકૂળ રહી છે.

આમ તો પ્રેમની પરમોત્કૃષ્ટ અવસ્થાએ પહોંચવા માટે અનેકવિધ ઉપાસનાઓ દર્શાવવામાં આવી છે. નવધા ભક્તિ પ્રેમમાર્ગની ઉપાસનાના જ નવ પ્રકાર છે. તે જ રીતે ભગવાન સાથે મુખ્ય પાંચ સંબંધો પણ એક ઉપાસનાના જ સ્વરૂપો છે - શાંતભાવ, દાસ્યભાવ, સખ્યભાવ, વાત્સલ્યભાવ અને મધુરભાવ.

શાંત ભાવ : વ્યાસ, વાલ્મીકિ વગેરે ઋષિઓની ઉપાસના શાંત ભાવની છે. આ ભાવમાં ભગવાનનાં સ્વરૂપચિંતન, ગુણચિંતન, લીલાચિંતન દ્વારા ભગવત્-પ્રીતિને પમાય છે.

દાસ્ય ભાવ : હનુમાનજી, દારુક, વિશ્વકસેન વગેરે ભક્તોની દાસ્યભક્તિ છે. આ ઉપાસનામાં ભગવાનની કિંકરભાવે સેવા કરવાની જ અભિલાષા રહે છે.

સખ્ય ભાવ : ગોપબાળો, અર્જુન, ઉદ્ધવજી, સુગ્રીવ વગેરેની સખ્યભક્તિ છે. આ ભક્તિમાં ભક્ત ભગવાનને પોતાના સખા માનીને ભક્તિ કરે છે અને સખાભાવથી જ પ્રીતિ કરે છે.

વાત્સલ્ય ભાવ : યશોદા, દેવકી, ભક્તિમાતા વગેરેની ભક્તિ વાત્સલ્યની ભક્તિ છે. આ ઉપાસનામાં માતાનો પુત્ર પ્રત્યેનો જે ભાવ હોય એ ભાવ ભક્ત ભગવાન પ્રત્યે રાખે છે.

મધુર ભાવ : રાધાજી, ગોપીઓ, અષ્ટ પટ્ટરાણીઓ વગેરેની ઉપાસના મધુરભાવની ઉપાસના છે. ભગવાનને પોતાના પતિ કે પ્રિયતમ માનીને તે ભાવે થતી ભગવાનની ભક્તિ-ઉપાસનાને મધુરભાવ કહે છે.

સર્વ ઉપાસનાઓમાં મધુરભાવની ઉપાસના સર્વોત્કૃષ ગણાય છે, કારણ કે મધુરભાવની ઉપાસનામાં શાંતભાવ, દાસ્યભાવ, સખ્યભાવ અને વાત્સલ્યભાવનો સમાવેશ થઈ જાય છે. ઉપરાંત મધુરભાવમાં અન્ય ભાવો કરતા ભાવની ઉત્કૃષ્ટતા, વ્યાપકતા, ઊંડાણ અને તીવ્રતા સર્વોત્કૃષ્ટ છે.

પ્રેમાનંદ સ્વામી મુખ્યત્વે ઊર્મિપ્રધાન કવિ છે. એમનાં કાવ્યોમાં મહાત્મ્યજ્ઞાન યુક્ત માધુર્યસભર પ્રેમભક્તિની ઉજ્જવલતા, શૃંગાર ભક્તિની ભાવાત્મક અભિવ્યક્તિ સહેજે ઝીલાઈ છે. પ્રેમાનંદ સ્વામીએ પોતાનાં કાવ્યોમાં પ્રેમલક્ષણા ભક્તિને બે પ્રકારે પ્રગટ કરી છે. એક, પોતાને ભગવાનની સખી યા ગોપી માનીને સહજાનંદ પ્રભુ-શ્રીકૃષ્ણ પ્રભુ પ્રત્યે પ્રણયસભર ભાવ અનુભવ્યો છે. બીજું, ભગવાનની સ્નેહલીલાનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વર્ણન કર્યું છે. એક સાધુને શોભે, પ્રેમભક્તિના ગાયકને શોભે એ રીતે સ્વામીએ આ બન્ને ભાવ પોતાનાં પદોમાં પ્રગટ કર્યા છે.

પ્રેમાનંદ સ્વામીની રચનાઓમાં મુખ્યત્વે પ્રણયોર્મિનાં સ્પંદનો અને ભગવાનની લાલીઓ પરત્વે શૃંગાર રસની વિવિધ અવસ્થાઓનાં, મધુરભાવના આબેહૂબ ભાવચિત્રો દોર્યા છે. અહીં કેટલાંક ભાવચિત્રો જોઈએ.

કૃષ્ણની પ્રીતિમાં આસક્ત મુગ્ધાવસ્થા પ્રાપ્ત કરનારી ગોપીની મનોભાવના વ્યક્ત કરતા સ્વામી કહે છે,

ચાર નજર ભેળી થઈ, કર્યો નેણ તણો અણસારો રે;
હૈડું નવ રહ્યું હાથમાં, બેની જુવડો ફટક્યો મારો રે...
અનંગ વ્યાપ્યો મારા ઉરમાં, હું તો આતુર થઈ હરિ મળવા રે;
દુરિજનિયાંનો ડર ઘણો, મેં તો કોઈને ન દીધું કળવા રે...

પ્રણયમાં ઘાયલ થયેલી ગોપાંગના જાણે કે પોતાની ઘાયલાવસ્થા વ્યક્ત કરતાં કહે છે,

ઈન મોહના ને મોહની ડારી ડારી હો;
મોહની ડારી મારી નૈન કટારી,
તન કી સુરત બિસારી સારી હો...
વેંધી વાલેજી આંખડલીની અણીએ,
હાં રે રાતદિવસ કલકલીયે રે...

ગોપીઓને પ્રભુનાં મિલન વખતે હૃદયમાં જે ભાવ અને રોમાંચ થાય છે, એનું સ્વામીએ ભાવયુક્ત વર્ણન કર્યું છે. સ્ત્રીસહજ લજ્જાભાવનું વર્ણન કરતા સ્વામી કહે છે,

સામું જોઈને શામળિએ મુજને;
હાંરે માવે હસીને બોલાવી મીઠી વાણી રે.

પહેલી વહેલી પાતળિયા સાથે,
હારે હું તો બોલતાં કાંઈક શરમાણી રે...

સ્વામી નીચેની પંક્તિમાં મિલનની પ્રતિક્ષા વ્યક્ત કરતી ગોપીની વિહ્વળતાની માર્મિક વાતનું આલેખન કરતા રંજક સ્વરસંદર્ભ, શબ્દ અને ભાવનું માધુર્ય રેલાવે છે,

લેરખડા લાલ લાલચ લાગી રે,
જીવન જોવું તારી વાટડલી આવો રસિયા શ્યામ સોહાગી રે.
મારું મનડું મળવા અકળાય રે, બીજા કેને નવ કેવાય રે.
હું તો સજી રહી શણગાર રે, આવો હરિ હૈયાના હાર રે.

પ્રિયતમ ભગવાનનને મળવા સાંકેતિક આમંત્રણ દેતી ગોપી મિલનની ઉત્કંઠા દર્શાવતા કહે છે,

હેત કરીને મળીએ મોહન, રંગભર તાળી લીજે;
નૌતમ રીતે અધર રસ પીજે, પ્રેમ અધર રસ પીજે.
એકાંતે અલબેલા રે વહાલા, દલડી તે તમને દીજે;
અંગો તે અંગ આલિંગન લેતાં, મોહન મનડું તે ભીંજે.

ગુજરાતી ભાષાની પદ્યશાખામાં શૃંગાર રસ નિરૂપણમાં દયારામ અને નરસિંહ મહેતા મોખરે છે. જ્યારે પ્રેમાનંદ સ્વામીએ પણ પોતાની રચનામાં ભરપૂર માત્રામાં શૃંગાર રસ પ્રયોજ્યો છે, પરંતુ સ્વામીની રચનાઓમાં વહેતી શૃંગાર રસની સરિતા ઉદ્દંડ, સુરુચિ ભંગ કરે એવી, જુગુપ્સા પ્રેરે એવી નથી. સ્વામીની રચનાઓમાં ક્યાંક ક્યાંક મર્યાદાની છૂટ લીધી હોય એવું લાગે, પરંતુ એ બરાબર નથી. ખરી રીતે જોઈએ તો શૃંગારના સ્થાયી ભાવ 'રતિ'નું આલેખન અને પરિભાષા જ આ મર્યાદા ઓછી કરાવે છે.

છતાં સ્વામીની રચનામાં સ્ત્રીસહજ મર્યાદા-સંકોચ, લજ્જા જાળવતું શૃંગારલેખન પણ ઓછું નથી. જેમકે...

રસિયો રીઝ્યા રે મારી પ્રીતડી જોઈને હેલી;
સામા આવીને મને મળિયા સુણ સાહેલી.
આનંદ આપ્યો રે અલબેલે ચિતડાં ચોરી;
પ્રેમાનંદનો રે વહાલો મારો જીવન દોરી.

પ્રેમાનંદ સ્વામીની આ રચનાઓ લોકવ્યવહાર અને સાહિત્યમાં પ્રચલિત એવી પરિભાષા વાપરીને થઈ છે. તેથી પ્રથમ દૃષ્ટિએ જોતાં કાવ્યની અભિવ્યક્તિ લૌકિક પરિભાષામાં થઈ છે એમ લાગે; કારણ કે શૃંગાર અને ભક્તિ ઉભયનો સ્થાયી ભાવ પ્રેમ-સ્નેહ-પ્રણય એ એક જ છે; આમ છતાં સ્વામીની રચનાઓનો ભાવ લૌકિક શૃંગાર નથી. માનવમાત્રના હૈયામાં સ્પંદનો જગાડતો દુન્યવી પ્રણયના આદાન-પ્રદાનના કાંઠાઓને તોડીને સ્વામીની રચનાઓમાં પ્રવાહિત શૃંગાર અલૌકિક ભૂમિકાએથી વહે છે. સ્વામીની રચનાઓમાં લૌકિક ભાવનો સ્પર્શ જ નથી, બધી જગ્યાએ અલૌકિકતા વહે છે...

કુચને કુમકુમ રે સમારી, ઉર પર રાખે વ્રજની નારી;
ઉપનિષદનો રે સાર, પ્રેમસખી કરી રાખે ઉર હાર.

તથા

આઈ અચાનક હાથલીએ ડારત, ઉરકો અંચરવા મેરો ઐંચવા;
પ્રેમાનંદ બ્રહ્માનંદ સુરમુનિ, કોઉ ન જાને યાકે પેંચવા.

શૃંગાર લેખનની પાછળ પ્રેમાનંદ સ્વામીની દૃષ્ટિ કેવી અલૌકિકતાની છે અને એનો આશય પણ કેવો દિવ્યસભર છે, એ ઉપરનાં દૃષ્ટાંતો જોતાં જણાઈ આવે છે.

દાસ-સ્વામી, સખા-સખા, માતા-પુત્ર, પ્રિયતમા-પ્રિયતમ વગેરે ભાવોથી ભગવાન સાથે જોડાઈ શકાય છે. પરંતુ એક વાત સમજી લેવા જેવી છે કે આ સંબંધોમાં પ્રભુપ્રીતિ સમાઈ જતી નથી. પ્રભુપ્રીતિ આ સંબંધોને અતિક્રમી જાય છે. આ સંબંધો તો ઘાટ છે. જળપ્રવાહ ઘાટને સ્પર્શે છે, પરંતુ ઘાટ પ્રવાહ નથી. ઘાટને પકડી રાખનાર જળપ્રવાહમાં અવગાહન કરી શકે નહીં. પ્રેમાનંદ સ્વામી પોતાનાં કીર્તનોમાં શૃંગાર ભાવ જણાવે છે તે પ્રિયતમ-પ્રિયતમાના ભાવને અતિક્રમેલો ભાવ છે. તેઓ ઘાટ છોડી જળપ્રવાહના મધ્યમાં તરનારા કવિ છે. એમનાં આ પદોમાં લૌકિક પતિ-પત્ની કે પ્રિયતમ-પ્રિયતમાનો ભાવ છે જ નહીં. આ તો એક ઉપમા છે. વસ્તુતઃ શૃંગારભાવ-મધુરભાવ એટલે ભક્તની ભગવાન પ્રત્યેની પરમ વિશુદ્ધ, પરમ મધુર, ઉત્કૃષ્ટ પ્રીતિ. પ્રેમાનંદ સ્વામી આ પ્રીતિથી, આ મધુર ભાવથી જ શૃંગાર રસનું ગાન કરે છે. આપણે પણ આ ભૂમિકાએ પહોંચીને આ પદોનું ગાન કરવાનું છે.

દિવ્ય શૃંગાર લેખનની બાબતમાં પ્રેમસખીને સંયોગ શૃંગાર કરતાંય વિયોગજન્ય વિપ્રલંભ શૃંગારલેખન ઉપર પણ અદ્‌ભુત કાબુ છે. ભાવકની આંખ ભીની કરી દેતા, પ્રેમી ભક્તના હૈયા ચીરી નાંખતા વિપ્રલંભ વિયોગજન્ય વિલાપો સ્વામીની ભાવલેખનની અદ્‌ભુત કળાનો પરિચય કરાવે છે. ગોપીઓ સાથે તદરુપ બનીને સ્વામીએ કૃષ્ણ વિયોગ કે સહજાનંદ વિયોગ મર્મસ્થાનને વીંધી નાંખે એવી રીતે વર્ણવ્યો છે.

પ્રેમાનંદ સ્વામીની કીર્તનોમાં રહેલી મીઠી હલક અને ભાવની પ્રવાહિતતા ભાવકના હૃદયને સ્પર્શી જાય છે. સૂક્ષ્મભાવોર્મિથી ભીંજાતી અને પ્રણયભક્તિ રસે છલકાતી સ્વામીની રચનાઓ સત્સંગીઓ તથા ગુજરાતી સાહિત્યને અણમોલી ભેટ છે. આવી કાવ્યક્ષમતા અને ગીતિરીતિને લીધે સ્વામીનાં કીર્તનો સત્સંગમાં અનેરું સ્થાન પામ્યાં છે.

પુરુષોત્તમ માસ વિષે શ્રીજી મહારાજનો પ્રસાદી પત્ર

સ્વસ્તિશ્રી સત્સંગ મહાશુભસ્થાને, પૂજારાધે વિરાજમાન પરમપૂજ્ય અર્ચનિયન, સકલ ગુણ નિધાન સર્વ શુભ ઉપમાયોગ્ય, પરમહંસ સમસ્ત તથા સાંખ્યયોગી બાઈ ભાઈ સમસ્ત તથા કર્મયોગી બાઈ ભાઈ સમસ્ત એતાન પ્રતિ અત્ર શ્રી અનિર્દેશથી લિખાવિતંગ સ્વામી શ્રી સહજાનંદજીના જય શ્રી સ્વામિનારાયણ વાંચજો.

અપરં લખવા કારણ એમ છે જે - પુરુષોત્તમ માસ આવે ત્યારે તે પુરુષોત્તમ માસમાં પરમહંસ સર્વને તથા સત્સંગી સર્વને તથા સત્સંગી બાઈયું સર્વને નાહવું તેની વિગત્ય જે - ના'વા જાવું ત્યારે જે પરમહંસમાં જે મોટેરો પરમહંસ હોય તે પરમહંસને ભેળા કરીને નાવા જાયે તથા ગૃહસ્થમાં મોટેરા હોય તે સર્વ ગૃહસ્થને ભેળા કરી ના'વા જાયે. તથા બાઈયુંમાં જે મોટેરાં હોય તે સર્વ બાઈયુંને તેડીને ના'વા જાયે. બીજું ના'વા જાય ત્યારે સર્વ પરમહંસને ભગવાનનાં કીર્તન ગાતાં ગાતાં જાવું ને આવવું. તથા ગૃહસ્થ સત્સંગી ના'વા જાયે ત્યારે તાલી બજાવ્યા વિના ભગવાનનાં કીર્તન ગાતાં ગાતાં જાવું ને ભગવાનનાં કીર્તન ગાતાં ગાતાં આવવું. બીજું ગૃહસ્થ સત્સંગી જો ઝાંઝમૃદંગ બજાડતા ના'વા જાયાને તે ભલે તાલી વજાડે. તથા સર્વ પરમહંસને તથા સર્વ ગૃહસ્થને તથા સર્વ બાઈયુંને એક ટંક જમવાનું વ્રત રાખવું, ખેડૂ હોય તેણે એક ટંક ખાધાનું વ્રત નહિ, પણ ના'વાનું તો ખરું જરૂર. તે વિના બીજાને એક ટંક ખાધાનું વ્રત છે. બીજું જો ક્યાંક જાવું હોય તથા ઓપટીનું કામ હોય તથા બીજો કોઈ આપત્કાળ હોય ને મો'રે કીધું એમ ન થાય તો બાધ નહીં.

બીજું ગૃહસ્થ હોય તેણે ખેતરનું જરૂરી કામ હોય, તેણે ન થાયે તો તેનો બાધ નહિ. બીજું પોતાની શ્રદ્ધા પ્રમાણે જ્યારે મહિનો પૂરો થાય ત્યારે બ્રાહ્મણને અન્ન, વસ્ત્ર, રૂપૈયો, ટકો, પૈસો જે પહોંચ હોય તે આપવો. બીજું ના'વા જાઈએ ત્યાં શિવની તથા વિષ્ણુની પ્રતિમા હોય તો તે પ્રતિમાની પૂજા કરવી. પણ ત્યાં પરમહંસની પૂજા ન કરવી અને જો પરમહંસની પૂજા કરવી હોય તો પરમહંસના આસન ઉપર આવીને કરવી ને તીર્થમાં ના'વા જાય ત્યારે સર્વેને તાલી લઈને કીર્તન કરવાં તથા નારાયણધૂન્ય કરવી. તથા બાઈયું સાંખ્યયોગી તથા કર્મયોગી તેને તો તાલી ક્યાંય બજાડવી નહિ.

બીજું, વરસો વરસ જે શ્રાવણ મહિનો આવે તેને પુરુષોત્તમ મહિના જેવો જાણીને સર્વ સત્સંગીએ ભેળા થઈને કીર્તન ગાતાં ગાતાં ના'વા જાવું ને દેવપૂજન કરવું. તથા જેમ મો'ર પુરુષોત્તમ મહિનામાં ના'વાનું ને દેવપૂજનનું કીધું છે તેમ ન કરે તે સત્સંગી નહિ - અને જો માંદો હોય તથા લોકની અપકીર્તિ થકી બીતો હોય અથવા પોતાની ન્યાતમાં ચેડો (જઘડો) થાતો હોય અને વ્રત ન પળે તો તેનો બાધ નહિ; અને જો ગૃહસ્થ સંસાર વ્યવહારે લાજવાળો હોય ને વચન જો ન પળે તો તેનો બાધ નહિ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી પુરુષ તે આરતી ટાણે તાલી બજાડે તેનો બાધ નહિ. બીજું સત્સંગી સર્વ બાઈયું તે ને જેથી જેવો ધર્મ થાય તેવો ધર્મ કરવો. ને જેટલી પોતાની પહોંચ હોય તે પ્રમાણે રોટલા પરમહંસની ઝોલીમાં નાખવા. તે ચારની પહોંચ હોય તો ચાર નાંખવા, બેની પહોંચ હોય તો બે, નહિતો એક અરધો ચોથિયો પણ નાખવો ને ઝાઝી પહોંચ હોય તો એકથી કરી સો સુધી બ્રાહ્મણ જમાડવા તથા એકથી કરી સો સુધી પરમહંસ જમાડવા. બીજું પરમહંસ મુક્તાનંદ સ્વામી તથા ભાઈ રામદાસજી તથા સ્વયંપ્રકાશાનંદ સ્વામી તથા પરમહંસ સમસ્ત તથા બાઈ રાજબાઈ તથા સાંખ્યયોગી બાઈયું સમસ્ત એ તેમને આજ્ઞા છે જે પુરુષોત્તમ મહિનામાં તથા શ્રાવણ મહિનામાં તથા જન્માષ્ટમી તથા કપિલા છઠ તથા જળઝીલણી અગ્યારશ તથા વામન દ્વાદશી તથા દેવ ઉઠણી અગ્યારશ તથા શિવરાત્રી તથા રામનોમી તથા અખાત્રીજ તથા વસંતપંચમી ઉછવ તથા હુતાસની ઉછવ તથા સોમવતી અમાસનો ઉછવ તથા દિવાલીનો, અન્નકૂટનો ઉછવ, તથા ચોવીશ અગ્યારશનું વ્રત કરવું. તે ન થાય તો મો'રે ચાર લખી છે તે તો જરૂર કરવી. બીજું આ જે ચોવીશ અગ્યારશ તથા બીજા જે ઉછવવ્રત એ સર્વે જે ૩૬ દિવસ વ્રતના તેમાં તથા વરસોવરસ શ્રાવણ મહિનો આવે તેમાં તથા ત્રીજે વર્ષે પુરુષોત્તમ માસ આવે તેમાં વર્તવું.

નવરાત્રીના નૌતમ નોરતાં !

- શાસ્ત્રી મુનિવત્સલદાસ

સંસ્કૃત સાહિત્યના મહાકવિ કાલિદાસે લખ્યું છે, उत्सवप्रियाः खलु मनुष्याः ।

મનુષ્યમાત્રને ઉત્સવ ગમે છે. બાળક હોય કે વૃદ્ધ હોય, ઉત્સવમાં દરેકને આનંદ આવે. હિન્દુ સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનનું એક અત્યંત અગત્યનું અને અનિવાર્ય અંગ છે ઉત્સવ. ઉત્સવો હિન્દુ સંસ્કૃતિની શોભા છે. કોઈ પણ સંસ્કૃતિને ટકાવી રાખનાર પરિબળ છે, પરંપરાગત ઉજવાતા ઉત્સવો. ઉત્સવોમાં દરેક સંસ્કૃતિની ખાસિયતો અભિવ્યક્ત થાય છે. ઉત્સવ મનુષ્યમાત્રને માનવ જીવનની સામાન્ય સ્થિતિથી ઉપર ઊઠી દિવ્ય જીવન તરફ પ્રેરતું પ્રેરકબળ છે.

હિન્દુ સંસ્કૃતિના ઉત્સવની અનેક પ્રકારની ખાસિયતો છે, મોટા ભાગના ઉત્સવો તિથિ પ્રમાણે ઉજવાય છે. દાદા દાદી, દીકરા દીકરી, પતિ પત્ની વગેરે સર્વે પરિવારજનો એક સાથે સાત્ત્વિક આનંદ માણી શકે એવું પરિબળ છે ઉત્સવ.

કેટલાક ઉત્સવો રાત્રિના તો કેટલાક દિવસના, કેટલાક માત્ર ક્ષણિક તો કેટલાક કલાક પૂરતા સીમિત, કેટલાક એક દિવસના તો કેટલાક સાપ્તાહિક પાક્ષિક કે માસિક પણ હોય છે. કેટલાકના જીવનમાં દાડે દાડે દિવાળી, તો કોઈને કાયમી હોળી જ હોય છે !

આજે આધુનિક યુગમાં પરિવારને એક સાથે ભેગો કરવો એ દુષ્કર કાર્ય બનતું જાય છે, ત્યારે આપણા ઋષિમુનિઓએ પ્રવર્તાવેલા આ ઉત્સવોમાં પરિવાર ભેગો થાય, પરસ્પર એકબીજાની લાગણીઓ અભિવ્યક્ત થાય, મનની માન્યતાઓ અને ધારણાઓ છોડી એકબીજાના હૈયામાં હેત ઉભરાય, ત્યારે લાગે છે કે આ ઉત્સવો પરિવારને પરસ્પર પ્રેમના તંતુથી જોડી દે છે અને વહેવારને તહેવાર બનાવી જાય છે. ઉત્સવો અધ્યાત્મની ભૂમિકા ઉપર પ્રવર્તેલા છે.

નવરાત્રિ એટલે નવ રાત્રિનો મહામહોત્સવ. નવરાત્રિ એટલે મન મૂકીને પ્રભુની આગળ નાચવાનો ઉત્સવ. નવરાત્રી એટલે દેહભાવથી ઉપર ઊઠી દિવ્યભાવને પામવાનો ઉત્સવ. નવરાત્રીના ઉત્સવમાં અઢાર વર્ષના યુવાનોને રાસ રમતા જોઈને એંસી વર્ષના થરડાઓને પણ જુવાની ફૂટી નીકળે છે. કેટલાંક વૃદ્ધો તો વૃદ્ધત્વ ભૂલીને લાકડીના ટેકા છોડીને મન મૂકીને નાચવા લાગે છે.

નવરાત્રીના નવલાં નોરતામાં જ્યારે આપણે આપણી માન-મોટાઈ, મરતબો એકબાજુ રાખી, મન મૂકીને રાસ લઈએ છીએ ત્યારે એ નિર્દોષ અને અહંકારશૂન્ય નૃત્ય આપણને ભગવાનની નજીક લઈ જાય છે. જ્યારે કોઈ વ્યક્તિ દેહાભિમાન છોડી ભગવાનને રાજી કરવા નાચે છે, ત્યારે તેને અધ્યાત્મની ભૂમિકાએ ભગવાનના સાંનિધ્યની અનુભૂતિ થાય છે અને એ જ ઉત્સવની ફળશ્રુતિ છે. ભક્ત જ્યારે ઉત્સવના આનંદમાં દેહભાન ભૂલી ભગવાનની આગળ નર્તન કરે છે, ત્યારે એ નર્તન ભગવાનનું એક પ્રકારનું આરાધન બની જાય છે.

ભગવાનની આગળ ભક્ત નાચે એ કરતાં પણ એક ઉત્તમ ભક્તની આગળ સ્વયં ભગવાન નર્તન કરે એ વાત અનોખી છે. ભક્તકવિ સુરદાસ પાસે ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું ભગવાનપણું ભૂલીને નર્તન કરે છે. પ્રેમલક્ષણા ભક્તિથી ગોકુળની ગોપીઓ પાસે માખણના લોભે કૃષ્ણ કનૈયાલાલ નાચ કરે એ દૃશ્ય ભગવાનનું

ભક્તાધીનપણું દર્શાવે છે.

નવરાત્રીનો ઉત્સવ એટલે રાસોત્સવ. નવરાત્રીમાં ભક્ત દેહભાન ભૂલી ભાવવિભોર થઈ ભગવાન સાથે રાસ રમે છે. આ સમગ્ર બ્રહ્માંડ પણ પરમાત્માની પ્રેરક શક્તિથી રાસક્રિડા કરે છે. આ બ્રહ્માંડની ઘટમાળમાં પૃથ્વી પોતાની ધરીની આસપાસ ફરે છે, ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, પૃથ્વી ચંદ્ર સહિત સૂર્યની આસપાસ ફરે છે અને સૂર્યમંડળ આકાશગંગામાં ફરે છે. આ સમગ્ર બ્રહ્માંડ અનંત આકાશગંગાઓ સાથે કોઈ એક કેન્દ્રશક્તિને આધારે ફર્યા કરે છે. આ રીતે બ્રહ્માંડની રાસલીલા ચાલતી જ રહે છે.

લીલાપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણએ વૃંદાવનમાં ગોપીઓનો મનોરથ પૂર્ણ કરવા અનેક રૂપ ધારણ કરી રાસલીલા કરી હતી. ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ અનેક સ્વરૂપ ધારણ કરી પંચાળાની ધરતી ઉપર પરમહંસો સાથે રાસ લીધો હતો. વૃંદાવનની અને પંચાળાની એ રાત્રિ ક્યારે પસાર થઈ ગઈ એનું ભાન ન તો ગોપીઓને હતું કે ન તો પરમહંસોને, કારણ કે ભગવાનની એ લીલાઓ દેહાતીત દિવ્ય ભૂમિકાએ રચાયેલી હતી અને એટલે જ તો રાસ રમનાર દરેક ગોપી અને દરેક પરમહંસ ભગવાનના સાંનિધ્યમાં સમય, સ્થાન અને દેહનું પણ ભાન ભૂલી ગયા હતા.

નવરાત્રિમાં નવ દિવસની ગણનાને આંકડાકીય દૃષ્ટિએ મૂલવીએ તો નવ પૂર્ણાંક છે. પ્રાથમિક શાળામાં ભણાવવામાં આવતો નવનો ઘડિયામાં નવને એકથી દસ સુધી ગુણવાથી આવતા જવાબના આંકડાનો સરવાળો નવ જ થાય છે. નવરાત્રિ એક મહાભારત જેવો મહાસંગ્રામ છે. નવરાત્રિનું યુદ્ધ દૈવી અને આસુરી શક્તિ વચ્ચેનું યુદ્ધ છે. આ યુદ્ધમેદાનમાં સામા પક્ષે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષય અને કામ, ક્રોધ, લોભ અને આસક્તિ એ નવ પ્રતિપક્ષીઓ છે. મહાભારતનું યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું હતું, પરંતુ નવરાત્રિનું યુદ્ધ નવ દિવસમાં પૂર્ણ થઈ જાય છે અને સામે પક્ષે સો કૌરવો અને મોટા મોટા યોદ્ધાઓ હતા, પરંતુ આ યુદ્ધમાં માત્ર નવ જ પ્રમુખ યોદ્ધાઓ છે. આ નવ મોટા માંધાતાઓનો સરદાર અહંકાર રૂપી રાવણ છે. નવરાત્રિનો ઉત્સવ ભક્તને ભગવાન સુધી પહોંચાડી દે છે, પરંતુ આ નવ દોષો ભગવાનના માર્ગમાં અવરોધક છે. નવ રાત્રિ દરમ્યાન એક પછી એક નવ દોષોને જીતી દશેરાને દિવસે અહંકાર રૂપી દશાનનને મારવાનો ઉત્સવ છે નવરાત્રિ. વિજયા દશમીના દિવસે ભગવાન શ્રીરામે રાવણનો વિનાશ કર્યો, એવી જ રીતે આપણે પણ સર્વ દોષોના મૂળરૂપ આપણા અહંકાર રૂપી રાવણનો વિનાશ કરવાનો છે.

નવરાત્રિ નવ દુર્ગાની ઉપાસનાનું પર્વ છે. નવરાત્રિનું પર્વ દૈવી શક્તિનું આસુરી શક્તિ ઉપર વિજયનું પર્વ છે. આ દિવસોમાં મહિષાસુર મર્દીની મા દુર્ગાના વિવિધ સ્વરૂપોનું પૂજન-અર્ચન ભક્તિભાવથી કરવામાં આવે છે. ભાગવતજીની કથા અનુસાર યોગમાયા મા યશોદાને કૂખે બાળકી રૂપે પ્રગટ થઈ ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્યમાં નિમિત્ત બન્યા, એટલે ભગવાને એમને વરદાન આપ્યું કે, 'જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર રહેશે ત્યાં સુધી પૃથ્વીલોકમાં નવદુર્ગા રૂપે તમારી પૂજા થશે.' ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી નવરાત્રિના નવ દિવસોમાં નવ દુર્ગાનું પૂજન આરાધન થાય છે.

આમ તો મોટા ભાગના લોકો એક નવરાત્રિથી પરિચિત છે, પરંતુ હિન્દુ ધર્મગ્રંથોમાં વર્ષ દરમ્યાન ચાર નવરાત્રીનો ઉલ્લેખ છે. ચૈત્ર મહિનામાં વસંત નવરાત્રિ, અષાઢ મહિનામાં ગુપ્ત નવરાત્રિ, આસો માસમાં શરદ નવરાત્રિ અને પોષ માસમાં પુષ્ય નવરાત્રિ. આ ચાર નવરાત્રિમાં પણ આસો માસની શરદ નવરાત્રિ અને ચૈત્રી નવરાત્રિ પ્રસિદ્ધ છે. ચૈત્રી નવરાત્રિ રામનવમીના રોજ પૂર્ણ થાય છે, જ્યારે આશ્વિની નવરાત્રિ દશેરાએ પૂર્ણ થાય છે. ચૈત્રી નવરાત્રી વ્રત-તપ, અનુષ્ઠાન માટે વિશેષ પ્રસિદ્ધ છે અને શરદ નવરાત્રિ ઉત્સવ રૂપે વિખ્યાત છે. ઉત્તર ભારતમાં વિશેષ કરીને આસો માસમાં સુદ પખવાડિયામાં પ્રતિપદાથી આરંભ કરીને નવમી સુધી ઉજવવામાં આવતી શરદ નવરાત્રિને મહા નવરાત્રિ તરીકે ઉજવવામાં આવે છે.

નવરાત્રી એ યુવાનોને વિશેષ પ્રિય ઉત્સવ છે. નવરાત્રીમાં જાણીતા ગરબા અને દાંડિયા-રાસના લોકનૃત્યો યુવાનોમાં અનેરો ઉત્સાહ પ્રેરે છે. માત્ર દેશમાં જ નહી, વિદેશમાં વસતા ભારતીયો પણ આ નવરાત્રિના દિવસોમાં ખેલૈયા બનીને રાસ રમે છે.

દક્ષિણ ભારતના કેટલાક પ્રદેશોમાં આસો સુદિ અષ્ટમીના રોજ એટલે કે આઠમા નોરતાના દિવસે સરસ્વતી પૂજા કરવામાં આવે છે. જેમાં શસ્ત્રો, મશીનો, સાધન-સામગ્રીઓ, વાહનો કે અભ્યાસુ વિદ્યાર્થી અભ્યાસના પુસ્તકો ભગવાનનાં મંદિરમાં પધરાવીને તેની પૂજા કરે છે અને બે દિવસ કાર્ય વિરામ કે અધ્યયન વિરામ રાખે છે. વિજયા દશમીના દિવસે સરસ્વતી પૂજા કરવામાં આવે છે અને યોદ્ધાઓ શસ્ત્રપૂજા કરે છે. દસમીના દિવસે વિદ્યાર્થીઓ ચોપડીઓને ઔપચારિક રીતે વાચન અને લેખન કરીને વિદ્યારંભ કરે છે અને યોદ્ધાઓ અધર્મીઓનો નાશ કરી શસ્ત્રોનો સદુપયોગ કરે છે.

ગુજરાતમાં નવરાત્રિના ગરબા પ્રસિદ્ધ છે. નવરત્રીમાં હિન્દુઓ ઘરે ઘરે દેવી પૂજા કરી છિદ્રોવાળી મટકીમાં દીવો પ્રગટાવે છે, જેને કુંભસ્થાપન પણ કહે છે. કુંભમાં દીપને અખંડ પ્રજ્વલિત રાખવામાં આવે છે. આ છિદ્રવાળા મટકાને ગરબો કહેવામાં આવે છે. ગુજરાતના ગામડાંઓના ચોકમાં મંડપની રચના કરવામાં આવે છે અને નવ નવ દિવસ સુધી કુમારિકા કન્યાઓ ગરબાની આસપાસ રાસ રમે છે. નવમા નોરતે ગામના શ્રેષ્ઠીઓ અને શ્રીમંતો દ્વારા આ કુમારિકાઓની પૂજા કરી ભેટ સોગાદો અર્પણ કરવામાં આવે છે. કોઈ કોઈ જગ્યાએ પુરુષો પણ હાથમાં દાંડિયા લઈને તાલબદ્ધ રીતે રાસ રમતા હોય છે પણ એમની પૂજા કરીને કાંઈ ભેટ આપવામાં આવતી નથી!

નવરાત્રિમાં દેવીની પ્રસન્નતા માટે રાસોત્સવ ઉજવાય છે. નવરાત્રીમાં ગરબાની પરંપરા છે, ડીસ્કો-ડાન્સની પરંપરા નથી. આજે આધુનિક યુગમાં વિશેષ કરીને શહેરોમાં નવરાત્રિનો ઉત્સવ વરવું રૂપ લેતો જાય છે. શક્તિપૂજાના આડંબરમાં કોલેજીયન યુવક-યુવતીઓ માનવ મર્યાદા મૂકીને છડેચોક ડીસ્કો-ડાંસ કરી ઉત્સવને માત્ર મનોરંજનનું સાધન બનાવી રહ્યા છે. કેટલાક આધુનિક ગાયકો અર્થહીન શબ્દાવલિઓ રચીને પૌરાણિક લોકગીતોને ફિલ્મી રાગોમાં ગાય છે કે ફિલ્મી ગીતોને લોકગીતના ઢાળમાં ઢાળી નવરાત્રિના પર્વની સાત્ત્વિકતાને હણે છે. આ ઉત્સવની સંસ્કૃતિ નથી, પરંતુ સંસ્કૃતિની વિકૃતિ છે.

નવરાત્રિ ઈષ્ટદેવની ઉપાસનાનું પર્વ છે. આજે કળિયુગમાં પણ ભાવિક ભક્તો પ્રભુ-પ્રસન્નતા માટે નવ-નવ દિવસ સુધી નકોરડા ઉપવાસ કરે છે. કોઈ નવ દિવસ સુધી ફલાહાર કરે છે. નવરાત્રિના ઉપવાસની વાત આવે ત્યારે વર્ષોથી નવરાત્રિના નવ ઉપવાસ કરતા આપણા દેશના વડાપ્રધાન માનનીય શ્રીનરેન્દ્રભાઈ મોદીજીને વંદન કરવા પડે. એમણે ઈ. સ. ૨૦૧૪ માં નવરાત્રિના નવ દિવસના ઉપવાસ દરમ્યાન અમેરિકાની વિદેશયાત્રામાં પ્રેસિડન્ટ શ્રી બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં પણ માત્ર લીંબુ પાણી જ સ્વીકાર્યું હતું.

સદ્‌ગુરુ શતાનંદ સ્વામી વિરચિત શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં બીજા પ્રકરણના સોળમાં અધ્યાયમાં ભાડેરના ભક્તરાજ શ્રીવાઘજીભાઈ શ્રીજી મહારાજને નવરાત્રિના વ્રતનો વિધિ પૂછે છે ત્યારે ભગવાન શ્રીહરિએ કહે છે,

अस्माकं सा तु पूज्याऽस्ति शङ्करप्राणवल्लभा ।
नवरात्रव्रतं तस्या भवतीत्यवगम्यताम् ॥

(स. जी. २-१६-३१)

"નવરાત્રિ વ્રતના અધિષ્ઠાતા દેવી પાર્વતી છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, તપ, યોગ વગેરે ગુણોથી યુક્ત સાત્ત્વિકી દેવી પાર્વતી છે અને તે તો જેમ લક્ષ્મીજી અને વેદમાતા સાવિત્રી દેવી છે તેવા પવિત્ર છે. ભગવાન શિવશંકર જેના પ્રાણવલ્લભ છે એવી પાર્વતી દેવી તો અમારે પણ પૂજ્ય છે. માટે સાત્ત્વિક દેવ-દેવીઓનું વ્રત-પૂજન કરવું પણ તામસી દેવી-દેવતાઓનું કરવું નહિ. તેમ છતાં અમારા આશ્રિતજનોએ તામસ દેવી-દેવતાઓ અને તેમના ઉપાસકોની નિંદા તો કરવી જ નહિ અને એમની સાથે વાદ-વિવાદ પણ કરવો નહિ."

ભગવાન શ્રીસ્વામિનારાયણે નવરાત્રિના વ્રતને પ્રાધાન્ય આપીને સાત્ત્વિક ઉપાસનાની વાત કરી છે અને કોઈ પણ દેવી-દેવતાની નિંદા ન કરવાની પણ આજ્ઞા આપી છે, એટલું જ નહીં અન્ય ઉપાસકો સાથે વાદ-વિવાદમાં ન પડવાનો પણ નિર્દેશ કર્યો છે.

પ્રેમભક્તિની પ્રેરણા આપતા ગીતોના તાલે, ગરબે ઘુમતી વખતે કે રાસ રમતી વખતે, અનંતકોટી બ્રહ્માંડો જે પરમશક્તિના આધારે પરબ્રહ્મની આસપાસ ફરે છે, તે પરમાત્માના અપાર સામર્થ્ય અને મહિમાનો વિચાર મનમાં દૃઢ થતો જાય એ જ નવરાત્રિના પર્વની સાચી ફળશ્રુતિ છે.

ચૌર્યવૃત્તિઓની ચોરી

- ઋષિકુમાર વિવેક સાંકળિયા

ભગવાન શ્રીસ્વામિનારાયણ, એમના સંતો અને એમના ભક્તોએ સમાજને સેવા, સાહિત્ય, સંસ્કાર જેવા અનેક ક્ષેત્રે ખૂબ મોટું પ્રદાન કર્યું છે. એ પ્રદાનમાં શ્રેષ્ઠ કાર્ય કયું ? આ પ્રશ્નના ઉત્તરમાં અનેક કાર્યોને વર્ણવી શકાય, પરંતુ સૌપ્રથમ જવાબ આવે કે, સ્વામિનારાયણ સંપ્રદાય કે એમના અનુયાયીઓએ સમાજને શ્રેષ્ઠ ચારિત્ર્યવાન અને નીતિવાન નાગરિકોની ભેટ આપી. ભારતવર્ષના સમાજઉત્થાનમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું ખૂબ જ મોટું યોગદાન છે અને રહેશે. આ સંપ્રદાયના સંતો-ભક્તોએ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞામાં રહી પોતાના જીવન પરિશુદ્ધ બનાવ્યા છે. જેની છાપ સમાજના દરેક ક્ષેત્રમાં પડી છે. માટે જ સ્વામિનારાયણ સંપ્રદાય એટલે શુદ્ધ નીતિ-રીતિ અને પરંપરાનું મૂર્તિમંત સ્વરૂપ કહેવાય છે.

આજથી બસો વર્ષ પહેલાના ઇતિહાસના પાના ખોલીએ ત્યારે જણાય છે કે, ગુજરાત કાઠિયાવાડમાં દુરાચાર, અનૈતિકતાનો ગાઢ અંધકાર છવાઈ ગયો હતો. તે સમયે પોતાના પરિશુદ્ધ જીવન અને વાણીથી અનેક મુમુક્ષુઓનાં હૃદયને પ્રકાશ પમાડનાર, અનેકનાં જીવન નીતિવાન બનાવનાર, ચૌર્યવૃત્તિને ચોરનારા, ડાકુ-ભરાડીઓના જીવન પરિવર્તન કરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગુજરાતની ધરતી ઉપર પધાર્યા અને એક નવા જ સૂરજનો ઉદય થયો. આ સહજાનંદી સૂરજના પ્રકાશે અનેક લોકોના હૃદયમાં પડેલી જન્મોજન્મની વાસનાઓ નિર્મૂળ થઈ, અંતઃકરણ શુદ્ધ થયા અને મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કર્યું.

એક વાત ચોક્કસપણે કહી શકાય, કે જો ભગવાન શ્રીસ્વામિનારાયણે ગુજરાતની ધરતીને પાવન ન કરી હોત તો આજની ગરવી ગુજરાતની જે ગરવાઈ છે એ જૂદી જ હોત. દેશભરમાં દુનિયામાં આજે ગુજરાતની ગરિમા પથરાઈ છે તેમાં સહજાનંદ સ્વામી અને એમના આશ્રિતોનો ખૂબ મોટો ફાળો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને પાંચ વર્તમાની વાડ્ય બાંધી આપી. ચોરી ન કરવી, દારુ ન પીવો, માંસ ન ખાવું, વ્યભિચાર ન કરવો અને વટલવું-વટલાવવું નહીં. સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો આ પાંચ વાડ્યમાં રહ્યા, અનેક લોકોને રાખ્યા અને સમાજમાં જ્યાં જ્યાં છીંડા પડ્યા હતા તે પૂર્યા, જેથી સમાજમાં વ્યાપેલી બદીઓ દૂર થઈ અને સમાજને શ્રેષ્ઠ નાગરિકોની ભેટ મળી.

એ સમયની એક કહેવત હતી કે, 'હાથમાં આવે એ આપણું.' લોકો કોઈની પડી વસ્તુ મૂકતા નહીં. ચોરી કરવી એ સહજ વાત હતી. ધાક-ધમકી, અવળચંડાઈ કરી પદાર્થ-પાના પડાવી લેવા એ ગૌરવ ગણાતું. સમાજમાં વ્યાપેલા આ દુરાચારને નાથવા ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અનુયાયીઓને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે,

''स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।

सस्वामिकाष्टपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ।।''

"મારા આશ્રિતો હોય તેમણે ધર્મકાર્ય કરવાને અર્થે પણ ચોરીનું કર્મ ન કરવું અને ધણિયાતિ જે કાષ્ટ-પુષ્પાદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના લેવી નહિ."

ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના આશ્રિતોને ચોરી ન કરવા વિશે સમજાવતા કહ્યું કે, 'ચોરીનું કર્મ એટલે ધણીની હાજરીમાં બળાત્કારે અથવા તો ધણીની ગેરહાજરીમાં પારકા દ્રવ્યમાત્રનું હરણ કરી લેવું. પારકું દ્રવ્ય લુંટી લેવું.' આવું નિંદનીય ચોરીનું કર્મ કોઈ ધર્મકાર્યને માટે પણ નહિ કરવું, કારણ કે ચોરીનું ધન અન્યના અંતઃકરણને દુઃખ આપીને મેળવેલું હોય છે, જે અનૈતિક કહેવાય છે. નીતિ અને ન્યાયથી પ્રાપ્ત કરેલું ધન હોય એ જ ધર્મકાર્ય માટે યોગ્ય છે.

મહર્ષિ મનુએ મનુસ્મૃતિમાં લખ્યું છે કે : 'પોતાના

ઉજ્જ્વળ ચારિત્ર્યથી સમસ્ત જગતને ચારિત્ર્યનું - નૈતિકતાનું શિક્ષણ આપો.' આ વાક્યને ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાનાં જીવનથી મૂર્તિમંત સ્વરૂપ આપ્યું છે. શ્રીહરિના રંગે રંગાયેલા અનુયાયીઓ એ મૂર્તિમંત સ્વરૂપના શણગાર બન્યા. એ અનુયાયીઓમાં કેટલાક એવા હતા કે જેઓએ કપરા સંજોગો કે વિપરિત પરિસ્થિતિમાં પણ પોતાના ઈષ્ટદેવની આજ્ઞાનો લોપ કર્યો નહોતો. સંપ્રદાયના ઈતિહાસમાં અનેક પ્રેરણાદાયી પ્રસંગો નોંધાયા છે. એમાંનો એક પ્રસંગ લીમલી ગામના સગરામ ભગતનો છે.

સૌરાષ્ટ્ર-ઝાલાવાડના લીંમલી ગામના સગરામ ભગત ખૂબ ગરીબ હતા. આ દેવીપૂજક સગરામને ભગવાન શ્રીસ્વામિનારાયણનો દિવ્ય સત્સંગ ઓળખાયો અને એમનું જીવન ઉચ્ચવર્ગને પણ શરમાવે એવું પરિશુદ્ધ થયું.

ઈ.સ., ૧૮૧૩માં કપરો દુકાળ પડ્યો. ઘરે ઘરે ખાવાના ફાંફાં પડવા લાગ્યા. એ સમયે સગરામ ભગત અને તેમના પત્ની પોતાનું ગુજરાન ચલાવવા-પેટિયું રળવાના આશયથી હિજરત કરી રહ્યા હતા. આગળ સગરામ ભગત અને પાછળ તેમના પત્ની. ભગવાન શ્રીહરિને અંતરમાં ધરી ભજન કરતાં કરતાં ચાલ્યા જાય છે. એ સમયે સગરામ ભગતને રસ્તામાં પગમાં પહેરવાનો સોનાનો મોટો તોડો દેખાયો. સોનું અને રૂપવંતી નારી જોઈ ભલભલા યોગીઓના મન પણ લોભાયા છે, પરંતુ સગરામ ભગતની સ્થિતિ યોગીઓને પણ ઓળંગી જાય તેવી હતી. સહજાનંદી સિંહ સગરામ ભગતને સોનું લલચાવી ન શક્યું. તેઓ આગળ વધવા માંગતા હતા, પરંતુ એમને મનમાં થયું, 'કપરો કાળ છે, ખાવાના પણ ફાંફાં છે. આવા સમયે બાઈમાણસનું મન લોભાય તો મહારાજની આજ્ઞા લોપાય.' માટે એમના પત્નીની નજર સોનાના તોડા ઉપર ન પડે એમ સગરામ ભગતે તોડા ઉપર ધૂળ વાળી દીધી અને ચાલતા થઈ ગયા.

થોડું ચાલ્યા પછી વિસામો લીધો. પતિ-પત્ની વૃક્ષના છાયડે બેઠા. ત્યારે ભગતના ઘરનાએ પૂછ્યું, 'તમે માર્ગમાં ચાલતા થોડી વાર ઊભા રહ્યા હતા અને વાંકા વળ્યા હતા, તે શું હતું?'

ભગત કહે, 'એ તો કોઈનો સોનાનો તોડો પડ્યો હતો. તેને જોઈ તારું મન ન લોભાય એટલે તેના ઉપર ધૂળ વાળી હતી.'

દુકાળનો ભયંકર કપરો કાળ વર્તે છે, એક દાણો પણ પેટ ભરવા હાથ લાગતો નથી. તે વખતે સગરામ ભગતના ઘરના માણસે સહજાનંદી ખુમારીથી ભગતને ઉત્તર આપ્યો, 'અરે ભગત! આપે ધૂળ ઉપર ધૂળ શું વાળી? મને જે દિવસથી ભગવાન શ્રીસ્વામિનારાયણ મળ્યા છે, ત્યારથી હું પારકી વસ્તુ ધૂળ જ સમજું છું. માટે મારા માટે એ સોનું હોવા છતાં ધૂળથી વધારે કશું નહોતું.''

આવો હતો ભગવાન શ્રીસ્વામિનારાયણનો નૈતિક આચરણનો પ્રભાવ! નાનામાં નાના માણસો પણ ઉચ્ચ કોટિના ભક્તો થયા હતા અને કહેવાતા સંસ્કારી લોકોને પણ શરમાવે તેવું જીવન જીવતા થયા હતા. ભગવાન શ્રીસ્વામિનારાયણનો લોકશિક્ષણનો, નૈતિકતાનો પ્રભાવ જાણવા સગરામ ભગત, જૂનાગઢના ગોવા ભગત, વડતાલના જોબન પગીના દૃષ્ટાંતો પૂરતાં છે. સ્વામિનારાયણીય સંસ્કારોએ આવાં અનેક ઉદાહરણો સર્જ્યાં છે.

'Money is necessary but not everything' 'પૈસો જરૂરી છે, પરંતુ સર્વસ્વ નથી. પૈસાને જ સર્વસ્વ માનીને જીવનારા અને પૈસા મેળવવા અધમ કાર્ય કરતાં પણ ન ખચકાતા માણસોને ભગવાન શ્રીસ્વામિનારાયણ અને એમના સંતોએ ઉજ્જ્વળ જીવન જીવતા કર્યા હતા. કનૈયાલાલ મુનશી નોંધે છે કે, 'સહજાનંદ સ્વામીએ સમાજમાંથી દૂષણો દૂર કર્યાં અને સમજણના સાચાં ધોરણો પ્રસરાવ્યાં. તેમણે તત્કાલીન સમાજમાં ખૂબ જ વ્યાપ્ત એવાં ચોરી, વ્યભિચાર આદિ અનેક દૂષણો દૂર કર્યાં. તેમના પ્રયત્નોથી ગુજરાતનો નીતિભ્રષ્ટ વર્ગ સુધર્યો અને નીતિવાન બન્યો.'

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સત્સંગી હરિભક્તોને આર્થિક વ્યવહાર અંગે ખૂબ મોટો વિવેક શીખવ્યો છે. ધનની આવક-જાવકની બાબતમાં સ્પષ્ટતા રાખવી. ધનની લેવડ-દેવડમાં સાક્ષીઓ રાખવા. શુદ્ધ, સાત્ત્વિક અને સંસ્કારી જીવન જીવવું. આ આજ્ઞાઓનું યથાર્થ પાલન કરવાથી ચોરી કરવાનો વિચાર જ નાબૂદ થાય છે અને વ્યવહાર શુદ્ધ બને છે. માટે જ કહ્યું છે કે, **Live your life as simple as you can.** 'શક્ય હોય તેટલું સાદું જીવન જીવો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ હતા. લક્ષ્મીજી સ્વયં એમની સેવામાં હાજર રહેતા, છતાં સરળ અને સાદી જીવનશૈલીમાં જ રહ્યા છે. તેઓએ હંમેશાં સૌમ્ય વસ્ત્રો, સાદું ભોજન, સાદાં રહેઠાણની જ પસંદગી કરી. ક્યારેક કોઈ રજોગુણી પદાર્થનો યોગ થાય, તો પણ તેઓ ઝાઝો સમય પોતાની પાસે રાખતા નહીં. સુપાત્ર વ્યક્તિને દાનમાં આપી દેતા.

તો આપણે પણ આપણા પ્રભુની જીવનશૈલીમાંથી પ્રેરણા લઈએ.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે યોજાયો ૪૪મો જ્ઞાનસત્ર

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે ૪૪મો જ્ઞાનસત્ર તારીખ ૨૧ થી ૨૭ જુલાઈ દરમિયાન યોજાયો. કોરોના મહામારીના આ વિપરીત સમયમાં ભક્તજનો ઘરે બેઠા બેઠા સત્સંગનો દિવ્ય આનંદ માણી શકે તેમજ સર્વજીવહિતાવહ સ્વાસ્થ્ય સુરક્ષાના નિર્દેશને નજરમાં રાખીને શ્રાવણ માસના પ્રારંભે સાત દિવસના ઓનલાઈન જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુરુકુલ પરંપરાના સંસ્થાપક ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ જ્ઞાનસત્રની અનોખી પરંપરા આજથી ૪૪ વર્ષ પહેલા અમદાવાદ ખાતે શરૂ કરેલી. આ પરંપરાનું સુપેરે વહન કરી રહેલા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીનાં માર્ગદર્શન અનુસાર ચાલુ વર્ષે આયોજિત જ્ઞાનસત્રમાં શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણના મુખ્ય વક્તા તરીકે ગુરુવર્ય પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સૌને લાભ આપ્યો હતો. સાથે સાથે શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી અને શાસ્ત્રી શ્રી ધર્મનંદનદાસજી સ્વામી એ દરરોજ કથામૃતનો દિવ્ય લાભ સૌ શ્રોતાઓને આપ્યો હતો.

જ્ઞાનસત્ર દરમિયાન આયોજિત વ્યાખ્યાનમાળામાં વિવિધ વિષયો પર સંતોએ પ્રવચનો આપ્યા હતા. જેમાં પૂજ્ય પુરાણી શ્રી વિશ્વવિહારીદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી સર્વમંગલદાસજી સ્વામી અને પાર્ષદ શામજી ભગતે લાભ આપ્યો હતો.

આ જ્ઞાનસત્રમાં દરરોજ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી અને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદનો પણ સૌને લાભ મળ્યો હતો.

આ જ્ઞાનસત્ર દરમિયાન સંસ્થા દ્વારા શ્રીનીલકંઠવર્ણીરાજની મનોરમ્ય સુંદર ચિત્રપ્રતિમાનુ અનાવરણ કરવામાં આવ્યું તેમજ સત્સંગ-ભજન ઉપયોગી વિવિધ મોબાઈલ એપ્લિકેશન્સ પણ પ્રકાશિત કરવામાં આવી. જેનું વિમોચન સદ્‌ગુરુ સંતોના વરદ હસ્તે થયું હતું

શ્રીમદ્ સત્સંગિજીવન સંહિતાપઠમાં ગુરુકુલ પરિવારના પુરોહિત શ્રી કૌશિકભાઈ પાઠક તેમજ સાધુ શુકવલ્લભદાસજી સ્વામી અને સાધુ ઋષિકેશદાસજી સ્વામી બિરાજ્યા હતા

આ જ્ઞાનસત્રમાં દરરોજ વહેલી સવારે શ્રીનીલકંઠવર્ણી આગળ મહાપુજા, અભિષેક તેમજ પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત શિવપૂજા શિવ અભિષેક, ગૌ પૂજા, પિતૃપૂજન વગેરે આયોજનો પુરોહિત શ્રી કૌશિકભાઈ પાઠક અને યજમાન પરિવાર દ્વારા વૈદિક વિધિ વિધાન તેમજ ખૂબ જ શ્રદ્ધા ભક્તિ ભાવપૂર્વક સંપન્ન થયા. જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ પ્રસંગે સદ્‌ગુરુ સંતોએ યજમાનશ્રીઓને શુભાશિર્વાદ પાઠવ્યા હતા.

મહિલા સંસ્કાર કેન્દ્ર ઇંટવાયાનો શિલાન્યાસ

નાયેર પ્રદેશ નંદ સંતોની ચરણરજથી પવિત્ર થયેલો પ્રદેશ છે. સંતોએ ખૂબ વિચરણ કર્યું છે અને આ પ્રદેશને સત્સંગના રંગે રગ્યો છે. એ પછી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુઓ દ્વારા પણ આ વિસ્તારના સત્સંગનું પાષણ થયું છે અને હાલમાં થઈ રહ્યું છે.

સત્સંગ સંવર્ધનના કેન્દ્ર સમાન ઇંટવાયા ગામમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી નૂતન મહિલા સંસ્કાર કેન્દ્રનો પ્રારભ થઈ રહ્યો છે. ત્યારે તારીખ ૩૦ ઓગષ્ટ- જળઝીલણી એકાદશીના રોજ સંતોના હસ્તે SGVP મહિલા સંસ્કાર કેન્દ્રનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'નાયેર પ્રદેશ ખૂબ ભાગ્ય શાળી છે. આ પ્રદેશમાં ભાઈઓના સત્સંગ કરતા બહેનોનો સત્સંગ વધુ છે. આ પ્રદેશના ગામોની દીકરીઓ જ્યાં જ્યાં સાસરે ગઈ છે ત્યાં સત્સંગનો કર્યાવર લઈને ગઈ છે. ગુરુકુલમાં આ પ્રદેશની દીકરીઓ ભણશે અને આ કેન્દ્રમાં સંસ્કાર પ્રાપ્ત કરશે. આ વિસ્તારમાં સાંખ્યયોગી બહેનો ખૂબ સારો સત્સંગ કરાવી રહ્યા છે ત્યારે આ મહિલા સંસ્કાર કેન્દ્ર બહેનોના આધ્યાત્મિક વિકાસ માટે મહત્ત્વનું સ્થાન બનશે.' આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ દાતાઓને શુભાશિર્વાદ પાઠવ્યા હતા. આ SGVP મહિલા સંસ્કાર કેન્દ્રના મુખ્ય દાતા નાઈરોબી નિવાસ શ્રીમતી ધનબાઈ કાનજીભાઈ વરસાણી રહ્યા છે.

શ્રદ્ધાસુમન



અ.નિ. પ.ભ. શ્રી ખીમજીભાઈ ભગવાનભાઈ પટેલ :- ગામ મેઢા નિવાસી પ.ભ. શ્રી ખીમજીભાઈ પટેલ ૯ ઓગસ્ટના રોજ ૧૦૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. અમદાવાદ ગુરુકુલના નિર્માણમાં ખીમજીભાઈ તથા એમના પરિવારની પાયાની સેવાઓ રહી છે. આ પરિવારની ભગવાન શ્રીહરિ પ્રત્યેની નિષ્ઠા તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તેમજ સદ્‌ગુરુઓમાં હેત અજોડ છે. વર્ષોથી આ પરિવારના તમામ સભ્યો મન-કર્મ-વચને ગુરુકુલ અને સંતો સાથે અત્યંત હેતે કરીને જાડાયા છે. ખીમજીભાઈ ખૂબ જ વિવેકી, ભક્તહૃદયી અને સેવક હતા. એમની સમજણ ખૂબ ઊંચી હતી. કાલુપુર મંદિરમાં પણ એમની ખૂબ સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ ખીમજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો ગોવિંદભાઈ, રતિભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બાબુભાઈ પરષોત્તમભાઈ સતાણી :- પાનસડા ગામ નિવાસી પ.ભ. શ્રી બાબુભાઈ સતાણી ૬૫ વર્ષની ઉંમરે ૨૬ જૂલાઈના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ અને સંતો સાથે જોડાયેલો છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે. બાબુભાઈના સુપુત્ર નિતીનભાઈ ઑસ્ટ્રેલિયામાં રહી ખૂબ સારી રીતે સત્સંગનું પોષણ કરે છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેતવાળા બાબુભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા નિતીનભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી રાઘવજીભાઈ વલ્લભભાઈ હીરપરા :- ગામ તરઘડી, હાલ રાજકોટ નિવાસી પ.ભ. શ્રી રાઘવજીભાઈ હીરપરા તારીખ ૧૧ ઓગષ્ટના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને રાજકોટમાં ચાલતા મહિલા મંડળમાં પાયાની સેવા કરે છે. રીબડા ગુરુકુલમાં પણ આ પરિવારની ખૂબ સેવાઓ રહી છે. રાઘવજીભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાના સાંનિધ્યનું અચળ સુખ અર્પે તથા સુપુત્ર બળદેવભાઈ વગેરેને શ્રીહરિ ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. ડૉ. શ્રી શૈલેન્દ્રભાઈ ચુનિલાલભાઈ મહેતલિયા :- મૂળ ગામ ગઢાળી, હાલ મુંબઈ નિવાસી શ્રી શૈલેન્દ્રભાઈ મહેતલિયા ૧૪ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. ગઢાળીના આંબાશેઠનો આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે તથા સમાજ સેવામાં અગ્રગણ્ય રહ્યો છે. આયુર્વેદ તથા એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરીને શૈલેન્દ્રભાઈએ વર્ષો સુધી મુંબઈની વિવિધ સંસ્થાઓમાં રોગાર્તની સેવાઓ કરી હતી. તેઓ ૨૦૧૫ માં મેડિકલ એસોસિએશન દ્વારા લાઈફ ટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડથી નવાજાયા હતા. વિવિધ ઉત્સપ્રસંગોમાં મેડિકલ કેમ્પ યોજીને તેઓએ દર્દીનારાયણની ખૂબ સેવાઓ કરી હતી. આજે પણ આ પરિવાર ગુરુકુલને માધ્યમ બનાવીને ખૂબ મોટી શૈક્ષણિક સેવાઓ કરી રહ્યો છે. ભગવાન શ્રીહરિ શૈલેન્દ્રભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર ડૉ. સૌરભભાઈ, પૌત્ર અંશ તથા સમગ્ર મહેતલિયા પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ. ભ. શ્રી રમેશભાઈ ભગવાનભાઈ માંગરોળિયા :- ગામ જેશીંગપરા, હાલ સુરત નિવાસી ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા સન્નિષ્ઠ સેવક માંગરોળિયા સાહિલના પિતાશ્રી પ.ભ. શ્રી રમેશભાઈ ૨૩ ઓગષ્ટના રોજ SGVP ગુરુકુલની પવિત્ર ભૂમિમાં જ દેહ છોડી અક્ષરવાસી થયા છે. ભગવાન તથા સંતોમાં અતિ આત્મબુદ્ધિ ધરાવતા રમેશભાઈનું જીવન ભજનપરાયણ હતું. તેઓએ ખૂબ ભજન કર્યું હતું અને કરાવ્યું હતું. પિતાના માર્ગે ચાલી પુત્ર સાહિલ પણ ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી સેવા કરી રહ્યા છે. ભગવાન શ્રીહરિ રમેશભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો સાહિલ તથા વિશાલ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી જિતેન્દ્રભાઈ શાંતિલાલ વેણી :- ગામ સીમર હાલ મુંબઈ નિવાસી વેણી પરિવારના જિતેન્દ્રભાઈ ૧૮ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારનું સમર્પણ અનોખું છે. અનેક સામાજિક સંસ્થાઓમાં આ પરિવારે ખૂબ સેવાઓ કરી છે. ભગવાન શ્રીહરિનો પ્રસાદિનો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. જિતેન્દ્રભાઈ સંતો સાથે ખૂબ આત્મિયતા ધરાવતા હતા. ભગવાન શ્રીહરિ જિતેન્દ્રભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર હરેન્દ્રભાઈ, દિનેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ગાંડુભાઈ ચનાભાઈ અજુડિયા :- અમદાવાદ નિવાસી ગુરુકુલના સન્નિષ્ઠ સેવક શ્રીઅમૃતભાઈ અજુડિયાના પિતાશ્રી ગાંડુભાઈ ૨૩ ઓગષ્ટના રોજ હરિ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારનું યોગદાન અવર્ણનીય છે. આ પરિવારે ગુરુકુલમાં પાયાની સેવા કરી શ્રીહરિ તથા સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો છે. ભગવાન શ્રીહરિ ગાંડુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા અમૃતભાઈ, નિતીન, મેહુલ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બાબુભાઈ નારાયણભાઈ સખિયા :- રાજકોટ નિવાસી શ્રી બાબુભાઈ સખિયા ૨ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. બાબુભાઈ સદ્‌ગુરુ સંતોના ખૂબ કૃપાપાત્ર હતા. ગુરુકુલના સેવાકાર્યોમાં આ પરિવારનું યોગદાન અનોખું રહ્યું છે. ભગવાન શ્રીહરિ બાબુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો કિશોરભાઈ, હિતેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ખુશાલભાઈ દુદાભાઈ તંતી :- નવસારી નિવાસી શ્રી ખુશાલભાઈ તંતી ૬ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ખુશાલભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર સંજયભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી શામજીભાઈ રણછોડભાઈ પટેલ :- ગામ નરસિંહપુરા નિવાસી શ્રી શામજીભાઈ ૧૩ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલના સેવાકાર્યોમાં આ પરિવારનું ખૂબ યોગદાન રહ્યું છે. ભગવાન શ્રીહરિ શામજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો કૃષ્ણકાંતભાઈ, દિલીપભાઈ, સુરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જયાબેન રવજીભાઈ પટેલ :- નવી મુંબઈ નિવાસી જયાબેન પટેલ ૯ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સંતો-સંસ્થા સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ જયાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો નરેન્દ્રભાઈ, રસિકભાઈ, રાજેશભાઈ, સંજયભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શાંતાબેન બાવભાઈ બવાડિયા :- ગામ જરગલી નિવાસી તથા ગુરુકુલના સેવક પરિવારના માતુશ્રી શાંતાબેન શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ શાંતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો નાગજીભાઈ, દિનેશભાઈ, વિનોદભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દક્ષાબેન ભીખાભાઈ પટેલ :- મુંબઈ નિવાસી ભક્ત શ્રી ભાવિનભાઈ પટેલના માતુશ્રી દક્ષાનેન પટેલ શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ દક્ષાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર ભાવિનભાઈ તથા ભીખાભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

શ્રી કિષ્ના કમલેશભાઈ પટેલ, પુંસરી
પ.ભ. શ્રી ધ્રુવ સુનિલભાઈ હિરપરા, ઑસ્ટ્રેલિયા
પ.ભ. શ્રી હિંમતભાઈ વાગડીયા, સુરત
પ.ભ. શ્રી જતીનભાઈ અમીન, અમદાવાદ
પ.ભ. શ્રી હિંમતભાઈ ઘેવરીયા, સુરત
પ.ભ. શ્રી અતુલભાઈ હરિપુરા, સુરત
પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ છગનભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી હરજીભાઈ કેરાઈ, લંડન
અ.નિ. ચિમનભાઈ ડાહ્યાભાઈ પટેલ
હસ્તે રાજુભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી વિશાલ હરિકૃષ્ણભાઈ પટેલ, કેનેડા
અ.નિ. શ્રી દક્ષાબેન ભીખાભાઈ પટેલ,
હસ્તે ભાવિનભાઈ પટેલ, મુંબઈ

આગામી આયોજન

તા. ૧૩/૧૦/૨૦, મંગળવાર : કમલા એકાદશી
તા. ૨૫/૧૦/૨૦,રવિવાર : શ્રીહરિ જયંતી
તા. ૨૭/૧૦/૨૦,મંગળવાર : પાશાંકુશા એકાદશી
તા. ૩૧/૧૦/૨૦, શનિવાર : શરદપૂનમ

અમદાવાદ ગુરુકુલ ખાતે યોજાયેલ ૪૪મા જ્ઞાનસત્ર પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતા પૂજ્ય સ્વામીજી, સદ્‌ગુરુ સંતો તથા વ્યાખ્યાનમાળામાં વક્તવ્ય આપતા યુવાન સંતો, અમદાવાદ ગુરુકુલ

SGVP મહિલા સંસ્કાર કેન્દ્રનો શિલાન્યાસ કરતા પૂજ્ય સ્વામીજી તથા સંતો, ઇંટવાયા-દ્રોણેશ્વર

ગણેશ ચતુર્થીના અવસરે ગણેશ પૂજન કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી

જળઝીલણી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક તથા જળવિહારનાં દર્શન
ગણેશ ચતુર્થીના અવસરે સમૂહ ગણેશ પૂજન કરતા ભક્તજનો, સવાનાહ ગુરુકુલ (અમેરિકા)

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

રામજન્મભૂમિ અયોધ્યા નૂતન મંદિરનો શિલાન્યાસ કરતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી. ગુરુકુલ પરિવાર દ્વારા નિર્મિત ચાંદીની ઇંટોને મંદિરના કોઠારમાં અર્પણ કરતા પૂજ્ય સ્વામીજી તથા સંતો. તેમજ આ પ્રસંગે ઉપસ્થિત વિવિધ ધર્માચાર્યો

આજે જ આપના મોબાઈલમાં ડાઉનલોડ કરો...

SGVP દ્વારા પ્રકાશિત મોબાઈલ એપ્લીકેશન

|| નિત્ય નિયમ ||

સંપ્રદાયમાં ગવાતા નિત્ય-નિયમ આરતિ, સ્તુતિ, નિયમયેષ્ટાનો સંગ્રહ

|| શ્રી જનમંગલ || સ્તોત્રમ્ - નામાવલી

જન્મંગલ સ્તોત્ર તથા નામાવલિના પાઠ માટે ઓડિયો સુવિધા

નિત્ય થતા ભજન, તપ, અનુષ્ઠાનની યાદી જીવન પર્યંત રહે તેવી સુવિધા

SGVP ભજન બુક

પૂજ્ય સ્વામીજી દ્વારા રચાયેલ મધુર તથા ભાવવાહી કીર્તનોનો સંગ્રહ

સંકીર્તનમ્ SGVP

એન્ડ્રોઇડ મોબાઈલ માટે આ એપ્લીકેશન GET IT ON Google Play ઉપર ઉપલબ્ધ છે.

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-